# 12. ભારતીય લોકશાહી

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :

**1) કેટલાં વર્ષે મતદાન કરવાનો અધિકાર મળે છે ?**

- 18 વર્ષે મતદાન કરવાનો અધિકાર મળે છે.

**2) લોકમત મેળવવા કયા કયા માધ્યમોનો ઉપયોગ થાય છે ?**

- લોકમત મેળવવા મુખ્ય બે માધ્યમોનો ઉપયોગ થાય છે. 1. મુદ્રિત માધ્યમો અને 2. વીજાણુ માધ્યમો.

**3) ભારતમાં કયા કયા પ્રાદેશિક અને રાષ્ટ્રીય રાજકીય પક્ષો સક્રિય છે ?**

- રાષ્ટ્રીય રાજકીય પક્ષો : આપણા દેશમાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ INC, ભારતીય જનતા પક્ષ, કૉમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા (CPI), કૉમ્યુનિસટ પાર્ટી ઑફ ઈન્ડિયા (CPIM), બહુજન સમાજવાદી પાર્ટી, રાષ્ટ્રીય કૉંગ્રેસ પાર્ટી, રાષ્ટ્રીય કૉંગ્રેસ પાર્ટી વગેરે રાષ્ટ્રીય પક્ષો છે.
- પ્રાદેશિક રાજકીય પક્ષો : આપણા દેશમાં તમિલનાડુનો દ્રવિડ મુનેત્ર લખગમ, આંધ્ર પ્રદેશનો તેલુગુ દેશમ, અંજાબનો અકાલી દળ, બિહારનો રાષ્ટ્રીય જનતા દળ અને જનતા દળ યુનાઈટેડ, ઉત્તર પ્રદેશનો સમાજવાદી પક્ષ, જમ્મુ-કશમીરનો નૅશનલ કૉન્ફરન્સ, અસમનો અસમ ગણપરિષદ, મહારાષ્ટ્રની શિવસેના, દિલ્લીની આમ આદમી પાર્ટી વગેરે પ્રાદેશિક પક્ષો છે.

### 2. વિધાનનાંકારણ સમજાવો.

**1) મતદાર લોકશાહીને જીવંત રાખે છે.**

- ચૂંટણી લોકશાહીનું મહત્વનું લક્ષણ છે. લોકશાહી સરકારની રચના જ ચૂંટણી દ્વારા થાય છે. ચૂંટણીઓમાં મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને પોતાની પસંદગીના પ્રતિનિધિઓને ચૂંટે છે. મતદારોએ ચુંટેલા પ્રતિનિધિઓ મતદારો વતી રાજ્ય વહીવટ ચલાવે છે. તેથી મતદારો જેવા પ્રતિનિધિઓ ચૂંટે છે. એવું રાજ તંત્ર રચાય છે. લોકશાહી સરકારની સફળતા અને અસરકારકતાનો આધાર પ્રતિનિધિઓ પર રહેલો હોય છે. આમ, મતદાર લોકશાહીમાં મહત્વનો ભાગ ભજવે છે. આથી કહી શકાય કે, મતદાર લોકશાહીને જીવંત રાખે છે.

**2) સંસદીય લોકશાહી અનોખી અને મહત્વની છે.**

- ભારતે લોકશાહી સિદ્ધાંતો મુજબ સંસદીય લોકશાહીનો સ્વીકાર કર્યાં છે. સંસદીય લોકશાહી શાસનપદ્ધતિ અનુસાર સામાન્ય ચૂંટણીઓ પછી કેન્દ્રની લોકસભામાં જે પક્ષના સભ્યોની બહુમતી થાય તે પક્ષની સરકાર રચાય છે અને તેના વડાને રાષ્ટ્રપ્રમુખ વડા પ્રધાન તરીકે નીમે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

બીજી સામાન્ય ચૂંટણી થાય ત્યાં સુધી એ સરકાર શાસનતંત્રની સત્તા ભોગવે છે. એ સમય દરમિયાન જો શાસક પક્ષ લોકસભામાં બહુમતી સભ્યોનો વિશ્વાસ ગુમાવે, તો સરકારને રાજીનામું આપવાની ફરજ પડે છે. આમ, સંસદીય શાસનપદ્ધતિની સરકાર લોકસભાને સંપૂર્ણપણે જવાબદાર છે. આમ, સંસદીય લોકશાહી અનોખી અને મહત્વની છે.

### 3) પ્રસાર માધ્યમો અને લોકમત કેળવવાનું સઘન માધ્યમ છે.

- મુદ્રીત માધ્યમો અને વિજાણુ માધ્યમો લોકમતના ઘડતરમાં ફાળો આપતાં બે મુખ્ય માધ્યમો છે.
- દૈનિક વર્તમાનપત્રો, સામયિકો, વિવિધ સમસ્યા અંગેનાં ચર્ચાપત્રો, વિશિષ્ટ લેખો વગેરે લોકમત ઘડનારાં મુદ્રીત માધ્યમો છે. આ માધ્યમોમાં રજૂ થતા સમાચારો, મંતવ્યો, અભિપ્રાયો વગેરે વાંચીને વિવિધ વિચારસરણી ધરાવતા લોકો એક જ ઘટના કે પ્રસંગ વિશે જુદા જુદા તારણો પર આવે છે.
- રેડિયો, ટેલોવિઝન અને ફિલ્મો લોકમત ઘડનારાં વીજાણુ માધ્યમો છે. રેડિયો અને ટેલિવિઝનના માધ્યમ દ્વારા દેશ અને દુનિયાની મહત્વની ઘટનાઓ દરેક ઘરમાં પહોંચે છે. સિનેમા પડદા પર ફિલ્મો દ્વારા અસ્પૃષ્યતા, દહેજપ્રથા, સ્ત્રીઓનું શોષણ, નિરક્ષરતા, ગરીબી વગેરે સામાજિક અને આર્થિક સમસ્યાઓ સચિત્ર રજૂ થતી બાબતો સમાજ અને દેશની અનેક પ્રકારની સમસ્યાઓ વિશે લોકોનું ધ્યાન ખેંચે છે. તે પ્રજાને કોઈ ને કોઈ સંદેશો આપે છે. લોકો તેમને જોઈ જાણીને અને સમજીને પોતાનાં મંતવ્યો બાંધે છે.
- આમ, પ્રસાર માધ્યમો એ લોકમત કેળવવાનું સઘન માધ્યમ છે.

### 4) ચૂંટણી એ લોકશાહીની પારાશીશી છે.

- લોકશાહીમાં ચૂંટણીઓ દ્વારા લોકો પોતાના પ્રતિનિધિઓને દેશમાં શાસન કરવાની સત્તા સોંપે છે. એ પ્રતિનિધિઓના શાસનથી નાગરિકોને સંતોષ થાય તો જ તેઓ તેમને ફરીથી ચૂંટે છે, નહિ તો તેમના સ્થાને બીજા પ્રતિનિધિઓને ચૂંટે છે. એ રીતે ચૂંટણી લોકોને તેમના પ્રતિનિધિઓને કામગીરીનું મૂલ્યાંકન કરવાની તક આપે છે.
- ચૂંટણી દેશમાં નવી રાજકીય વ્યવસ્થા અને વલણો સર્જે છે કે જેનાથી દેશનો ભાવિ માર્ગ નક્કી થાય છે. ચૂંટણીથી દેશની સામાજિક અને આર્થિક સ્થિતિનો ખ્યાલ આવે છે. ચૂંટણી વખતે દેશ અને સમાજના પ્રશ્નોની જાહેરમાં ચર્ચા થાય છે. પરિણામે ચૂંટણીથી દેશની સામાજિક અને આર્થિક સ્થિતિનો ખ્યાલ આવે છે. ચૂંટણી દ્વારા સરકારોનું ભવિષ્ય નક્કી થાય છે. લોકશાહીમાં રાજકીય પક્ષોને અને ઉમેદવારોને લોકોનું સમર્થન ચૂંટણી દ્વારા જ જાણી શકાય છે.
- આમ, ચૂંટણીઓ લોકમતને જાણવાનું મહત્વનું માધ્યમ છે. તેથી તે 'લોકશાહીની પારાશીશી' છે.

## 3. ટૂંક નોંધ લખો :

### 1) રાજકીયપક્ષનાપ્રકારો

- ભારતમાં બહુપક્ષીય લોકશાહી છે. તેથી દેશમાં અનેક નાના-મોટા રાજકીય પક્ષો છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ચૂંટણીપંચ ચોક્કસ નીતિ અને નક્કી કરેલાં ધોરણો પ્રમાણે રાજકીય પક્ષોને માન્યતા આપે છે. આપણા દેશમાં રાજકીય પક્ષોના મુખ્ય બે પ્રકારો છે. 1. રાષ્ટ્રીય પક્ષો અને 2. પાદેશિક પક્ષો
- જે રાજકીય પક્ષોનું કાર્યક્ષેત્ર સમગ્ર દેશમાં વિસ્તરેલું હોય તે રાષ્ટ્રીય કે પ્રદેશ પૂરતૂ સીમીત હોય તે પ્રાદેશિક પક્ષો કહેવાય છે.
- કોઈ રાજકીય પક્ષોનું કાર્યક્ષેત્ર સમગ્ર દેશમાં વિસ્તરેલું હોય તે 'રષ્ટ્રીય પક્ષો' કહેવાય છે અને જે રાજકીય પક્ષોનું કાર્યક્ષેત્ર એક જ રાજ્ય કે પ્રદેશ પૂરતૂ સીમિત હોય તે પ્રદેશિક પક્ષો કહેવાય છે.
- કોઈ રાષ્ટ્રીય કે પ્રાદેશિક પક્ષને માન્યતા આપવા માટે ચુંટણીપક્ષે ઓછામાં ઓછા ચાર રાજ્યોમાં અગાઉની ચૂંટણીમાં માન્ય કરેલ કુલ મતમાંથી ઓછામાં ઓછા ચાર ટકા મતો મેળવેલા હોય તેને રાષ્ટ્રીય પક્ષ તરીકે માન્ય રાખવામાં આવે છે.
- આપણા દેશમાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ INC, ભારતીય જનતા પક્ષ, કૉમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા (CPI), કૉમ્યુનિસટ પાર્ટી ઑફ ઈન્ડિયા (CPIM), બહુજન સમાજવાદી પાર્ટી, રાષ્ટ્રીય કૉંગ્રેસ પાર્ટી, રાષ્ટ્રીય કૉંગ્રેસ પાર્ટી વગેરે રાષ્ટ્રીય પક્ષો છે.
- જે રાજકીય પક્ષોનો પ્રભાવ માત્ર અમુક રાજ્ય કે પ્રદેશ પૂરતો મર્યાદિત હોય તેને ચૂંટણીપંચ પ્રાદેશિક પક્ષ તરીકે માન્યતા આપે છે.
- આપણા દેશમાં તમિલનાડુનો દ્રવિડ મુનેત્ર લખગમ, આંધ્ર પ્રદેશનો તેલુગુ દેશમ, પંજાબનો અકાલી દળ, બિહારનો રાષ્ટ્રીય જનતા દળ અને જનતા દળ યુનાઈટેડ, ઉત્તર પ્રદેશનો સમાજવાદી પક્ષ, જમ્મુ-કશમીરનો નૅશનલ કૉન્ફરન્સ, અસમનો અસમ ગણપરિષદ, મહારાષ્ટ્રની શિવસેના, દિલ્લીની આમ આદમી પાર્ટી વગેરે પ્રાદેશિક પક્ષો છે.
- રાષ્ટ્રીય પક્ષો તરીકે માન્ય પક્ષની માન્યતા મતોના આધારે રદ થઈ શકે છે. જ્યારે પ્રાદેશિક પક્ષોને રાષ્ટ્રીય પક્ષો તરીકે માન્યતા મળી શકે છે.

## 2) મતદાર અને સરકાર

- ભારતમાં લોકશાહી પ્રદ્ધતિની સરકાર છે. બનધારણ મુજબ મતદાન એક મહત્વની પ્રક્રિયા છે. તેમાં મતદાર ખુબ મહત્વ ધરાવે છે.
- ભારતમાં સાર્વત્રિક પુક્તવય મતાધિકારની પ્રદ્ધતિ છે.
- 18 વર્ષકે તેથી વધારે ઉંમર અને મતદારયાદીમાં નામ ધરાવતો, નાદાર અને અસ્થિર મગજ ન હોય તેવો ભારતનો દરેક નાગરિક કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના ચૂંટણેઓમાં મત આપવાનો અધિકાર ધરાવે છે.
- આપણા દેશમાં બંધારણે લિંગ, જાતિ, ધર્મ, શિક્ષણ, જન્મસ્થાન, મિલકત કે ઉંચનીચના ભેદભાવ રાખ્યાવિના પુક્તવયનાં તમામ સ્ત્રી-પુરુષોને મતાધિકાર આપ્યો છે.
- પુક્તવય મતાધિકાર એ ભારતનાં બંધારણની એક મહત્વની વિશેષતા છે.
- સાર્વિત્રિક પુખ્તવય મતાધિકારની પદ્ધતિ 'વ્યક્તિદીઠ એક મત'ના સિદ્ધાંત પર આધારિત છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- મતદાર જાગૃત અને પોતાની ફરજ પ્રત્યે સભાન હોવો જોઈએ. તેણે લોભ, લાલચ કે ડર વિના મતદાન કરવાની ફરજ બજાવવી જોઈએ.
- ચૂંટણીમાં મતદાન કરવું એ દરેક નાગરિકનો અધિકાર જ નહિ, પવિત્ર ફરજ પણ છે. તેથી તેણે મતદાન કરીને પોતાની ફરજ અદા કરવી જોઈએ.
- લોકશાહીની સફળતાનો આધાર મતદારોના મતાધિકારના વિવેકપૂર્ણ ઉપયોગ પર અવલંબે છે.
- દરેક નાગરિકને મતદાનનો અધિકાર છે. તેથી દરેક મતદારે પોતાના અધિકારનો ઉપયોગ કરવો જોઈએ.

### 3) ચૂંટણીપંચ અને રાજકીય પક્ષો

- ચૂંટણીપંચ : ભારતના રાષ્ટ્રપ્રમુખ ચૂંટણીપંચના અધ્યક્ષ અને અન્ય સભ્યોની નિમણૂક કરે છે.
- ભારતમાં સમગ્ર ચૂંટણી-પ્રક્રિયાનું સંચાલન, નિયમન અને નિરિક્ષણ ચૂંટણીપંચ કરે છે. તે એક સ્વતંત્ર અને સ્વાયત્ત સંસ્થા છે.
- ચૂંટણીપંચ રાષ્ટ્રપ્રમુખ, ઉપરાષ્ટ્રપ્રમુખ, સંસદ, રાજ્યોની ધારાસભાઓની ચૂંટણીઓની વ્યવસ્થા કરે છે. તે ચૂંટણી અંગેની તમામ જવાબદારીઓ સંભાળે છે.
- તે મતદારોની યાદીઓ તૈયાર કરાવે છે તેમજ ચૂંટણીની તારીખો અને ઉમેદવારી નોંધવાની તારીખો જાહેર કરે છે.
- દરેક ઉમેદવાર પંચે નક્કી કરેલ આચારસંહિતતા પ્રમાણે પ્રચાર અને ચૂંટણીખર્ચ કરે છે કે નહિ તેની તકેદારી ચૂંટણીપંચ રાખે છે.
- તે નિશ્ચિત તારીખોએ ચૂંટણી યોજે છે અને મતગણતેરી કરી વધુ મતો મેળવનાર વિજયી ઉમેદવારોનાં નામ જાહેર કરે છે.
- આમ, ચૂંટણીપંચ ચૂંટણી અંગેની તમામ કાર્યવાહી કરે છે. આ ઉપરાંત, તે ચુંટણીઓ અંગેના ઝગડાઓ પણ પતાવે છે.
- રાજકીય પક્ષો : રાજકીય પક્ષો લોકશાહીનું એક મહત્વનું લક્ષણ છે.
- કોઈ પણ રાજકીય પક્ષનું મુખ્ય ધ્યેય રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા, સામાજિક ન્યાય, આર્થિક સમાનતા અને બિનસાંપ્રદાયિકતા હોવું જોઈએ. આ ધ્યેયો ધરાવતા રાજકીય પક્ષોમાંથી લોકશાહી જીવંત, સક્રિય અને સફળ બને છે. સત્તા પર હોય તો સરકાર તરફથી અને વિરોધ પક્ષના સ્થાને હોય તો ચોકીદાર તરીકે આ ધ્યેયો પૂરાં કરવા જોઈએ.
- રાજકીયપક્ષોના નેતાઓ અને સભ્યોમાં રાષ્ટ્રભાવના, નિષ્ઠા, નિઃસવાર્થવૃત્તિ અને સેવાભાવ જેવા ગુણો હોવા જોઈએ. આ ગુણો ધરાવતા રાજકીય પક્ષો જ પ્રજામાં રાજકીય અને રાષ્ટ્રીય જાગૃતિ લાવવાનુ કાર્ય કરી શકે.
- લોકશાહીના તંદુરસ્ત વિકાસ માટે દેશમાં બે-ત્રણ જ રાજકીય પક્ષો હોવા જોઈએ. એક પક્ષ કે બહુ પક્ષો લોકશાહી માટે હાનિકારક છે.
- ચૂંટણીપંચ ચોક્કસ ધોરણો અનુસાર રાજકીય પક્ષોને માન્યતા આપવાનું કાર્ય કરે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 4. તફાવત લખો :

### 1) રાષ્ટ્રીય પક્ષો અને પ્રાદેશિક પક્ષો

| ક્રમ | રાષ્ટ્રીય પક્ષો | પ્રાદેશિક પક્ષો |
|---|---|---|
| 1 | જે રાજકીય પક્ષોનું કાર્યક્ષેત્ર સમગ્ર દેશમાં વિસ્તરેલું હોય તે રાષ્ટ્રીય પક્ષો કહેવામાં આવે છે. | જે રાજકીય પક્ષોનું કાર્યક્ષેત્ર એક જ રજ્ય કે પ્રદેશ પૂરતું સીમિત હોય તે પ્રાદેશિક પક્ષો કહેવાય છે. |
| 2 | કોઈ રાષ્ટ્રીય કે પ્રાદેશિક પક્ષને માન્યતા આપવા માટે ચૂંટણીપંચે ચોક્કસ ધોરણો નક્કી કર્યા છે. એ ધોરણો મુજબ જે રાજકીય પક્ષ ઓછામાં ઓછા ચાર રાજ્યોમાં અગાઉની ચૂંટણીમાં માન્ય કરેલ કુલ મતમાંથી ઓછામાં ઓછા 4 ટકા મતો મેળવેલા હોય તેને રાષ્ટ્રીય પક્ષ તરીકે માન્ય રાખવામાં આવે છે. આપણા દેશમાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ INC, ભારતીય જનતા પક્ષ, (BJP), કૉમ્યુનિસ્ટ, પાર્ટી ઑફ ઈન્ડિયા (CPIM), બહુજન સમાજવાદી પાર્ટી (BSP), રાષ્ટ્રીય કૉંગ્રેસ પાર્ટી (NCP), વગેરે રાષ્ટ્રીય પક્ષો છે. | જે રાજકીય પક્ષોનો પ્રભાવ માત્ર અમુક રાજ્ય કે પ્રદેશ પૂરતો મર્યાદિત હોય તેને ચૂંટણીપંચ પ્રાદેશિક પક્ષ તરીકે માન્યતા આપે છે. આપણા દેશમાં તમિલનાડુનો દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK), અને ઑલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ (AIADMK), આંધ્ર પ્રદેનો તેલુગુ દેશમ, પંજાબનો અકાલી દળ, બિહારનો રાષ્ટ્રીય જનતા દળ, (RJD), જનતાદળ યુનાઈટેડ (JDU), ઉત્તર પ્રદેશનો સમાજવાદી પક્ષ (SP), જમ્મુ-કશ્મીરનો નેશનલ કૉન્ફરન્સ, અસમનો અસમ ગણપરિષદ, મહારાષ્ટ્રની શીવસેના, દિલ્લીની આમ આદમી પાર્ટી (AAP) વગેરે પ્રાદેશિક રાજકીય પક્ષો છે. |

### 2) સંસદીય લોકશાહી અને પ્રમુખીય લોકશાહી

| ક્રમ | સંસદીય લોકશાહી | પ્રમુખીય લોકશાહી |
|---|---|---|
| 1 | લોકસભામાં સ્પષ્ટ બહુમતી ધરાવતા નેતાને રાષ્ટ્રપ્રમુખ વડા પ્રધાન તરીકે નિમય છે. | રાષ્ટ્રના વડા પ્રમુખને પ્રજા સીધી રીતે ચૂંટે છે. |
| 2 | સમગ્ર પ્રધાનમંડળ સંસદને જવાબદાર હોય છે. | પ્રધાનમંડળ સેનેટને જવાબદાર હોતા નથી. પ્રધાનો વ્યક્તિગત રીતે પ્રમુખને જવાબદાર હોય છે. |
| 3 | પ્રધાનમંડળ સંસદની બહુમતીનો વિશ્વાસ ધરાવે ત્યાં સુધી જ સત્તા પર રહી શકે છે. | પ્રધાનમંડળના પ્રધાનો પ્રમુખની ઇચ્છા હોય ત્યાં સુધી જ હોદ્દા પર રહી શકે છે. |
| 4 | રાષ્ટ્રપ્રમુખ દેશના બંધારણીય વડા છે, જ્યારે વહીવટી વડા વડા પ્રધાન અને તેમના પ્રધાનો છે. | પ્રમુખ દેશના વહીવટી વડા તેમજ બંધારણીયક વડા છે. |
| 5 | પ્રધાનો વડા પ્રધાન અને તેમના પ્રધાનો છે. | પ્રધાનો પ્રમુખના અમલદારો ગણાય છે. |

### 3) મુદ્રિત માધ્યમો અને વીજાણુ માધ્યમો

| ક્રમ | મુદ્રીત માધ્યમો | વીજાણુ માધ્યમો |
|---|---|---|
| 1 | વિવિધ ભાષાઓમાં પ્રકાશિત થતાં દૈનિક વર્તમાનપત્રો, અઠવાડિકો, પાક્ષિકો, માસિકો, વિશિષ્ટ વિષયનાં સામાયિકો, વિવિધ વિષયોનાં ચર્ચાપાત્રો, વિશિષ્ટ લેખો વગેરે લોકમત ઘડનારાં મુદ્રિત માધ્યમો છે. | રેડિયો, ટેલિવિઝન, ફિલ્મો વગેરે દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો લોકમત ઘડનારાં વીજાણુ માધ્યમો છે. આપણા દેશમાં નિરક્ષરતાનું પ્રમાણ વધારે હોવાથી વર્તમાનપત્રો અને સામયિકો કરતાં રેડિયો અને ટેલિવિઝનનું મહત્વ વધુ છે. |
| 2 | આ માધ્યમોમાં રજૂ થતા સમાચારો, મંતવ્યો, અભિપ્રાયો વગેરે વાંચીને વિવિધ એક જ ઘટના કે પ્રસંગ વિશે જુદાં જુદાં તારણો પર આવે છે. | રેડિયો અને ટેલિવિઝન દ્વારા દેશ અને દુનિયાની અગત્યની ઘટનાઓ ઘેરઘર પહોંચી જાય છે. સિનેમા પડદા પર ફિલ્મો દ્વારા દેશની સામાજિક અને આર્થિક સમસ્યાઓ સચિત્ર રજૂ કરીને તેમની સામે અસરકારક લોકમત ઉભો કરી શકાય છે. |

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**5. ખાલી જગ્યા પૂરો:**

**1) આપણાં સાર્વત્રિક પુક્ત મતાધિકારમાં .................. સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે.**

(A) વ્યક્તિ દીઠ બહુમત

(B) વ્યક્તિ દીઠ એકમત

(C) વ્યક્તિ દીઠ વિરોધમત

(D) વ્યક્તિ દીઠ જાહેરમત

**2) લોકમત ઘડતર માટે .................... માધ્યમ ઓછું અસરકારક છે.**

(A) દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમ

(B) દ્રશ્ય માધ્યમ

(C) શ્રાવ્ય માધ્યમ

(D) મુદ્રીત માધ્યમ

**3) EVM સાચું નામ ......... છે**

(A) ઇલેક્ટ્રોનિક વેલ્યુ મશીન

(B) ઇલેક્ટ્રોનિક વેઇટ મશીન

(C) ઇલેક્ટ્રોનિક વોટિંગ મેથડ

(D) ઇલેક્ટ્રોનક વોટિંગ મશીન

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in